પોષણ અભિયાન (એન.એન.એમ) અંતર્ગત
આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગર
બહેનોને ઈન્સેન્ટીવ આપવા બાબત

ગુજરાત સરકાર,
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૨૦/૪૦૮/બ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૪-૦૪-૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્ર નં. PA/29/2018- CPMU, Dt.27/09/2018

(૨) ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્ર D.O No.PA/82/2019-CPMU Dt. 09/01/2020

ઠરાવ:

ભારત સરકારશ્રીના વંચાણે લિધેલ (૧) અને (૨) ના પત્રો અને વહીવટી માર્ગદર્શિકા મુજબ પોષણ અભિયાન અંતર્ગત રાજ્યના આંગણવાડી કેન્દ્રોમાં ફરજ બજાવતા આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને સારી કામગીરી માટે ઇન્સેન્ટીવ (પ્રોત્સાહક રકમ) દર માસે આંગણવાડી કાર્યકર માટે રૂ.૫૦૦ અને તેડાગર માટે રૂ.૨૫૦ આપવાનું નિયત કરેલ છે. જે અંગે ભારત સરકાર દ્વારા કામગીરીના આધારે આંગણવાડી કાર્યકર અને તેડાગરને માસિક ઇન્સેટીવ આપવા અંગે ગાઇડ લાઇન નક્કી કરેલ છે.

પોષણ અભિયાન અંતર્ગત રાજ્યના આંગણવાડી કેન્દ્રોમાં ફરજ બજાવતા આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને સારી કામગીરી માટે ઇન્સેન્ટીવ (પ્રોત્સાહક રકમ) દર માસે આંગણવાડી કાર્યકર માટે રૂ.૫૦૦/- અને તેડાગર માટે રૂ.૨૫૦/- નીચે મુજબના ધોરણો પરિપૂર્ણ થયેથી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

ARenustian

**(૧) આંગણવાડી કાર્યકર માટે**

- દરેક માસે આંગણવાડીમાં નોંધાયેલ ૦-૩ વર્ષથી અંદરના ૬૦% બાળકોનો વૃધ્ધિ દર (ગ્રોથ મોનિટરીંગ)નું નિરિક્ષણ કરેલ હોવું જોઇએ.
- દર માસે આંગણવાડી કાર્યકરે પોતાના વિસ્તારની ૬૦% સગર્ભા બહેનો તથા ર વર્ષથી અંદરના ૬૦% બાળકોની ગૃહ મુલાકાત ફરજીયાત લીધેલ હોવી જોઇએ.
- આંગણવાડી કાર્યકરે ICDS-CAS ની ૧૦૦% તાલીમ લીધેલ હોવી જોઇએ.
- આંગણવાડી કાર્યકરે ICDS-CAS રેન્કીંગ એપ્લીકેશનમાં જે-તે માસની પોતાની કામગીરીની એન્ટ્રી કરેલ હોવી જોઈએ, જેઓએ પોતાની કામગીરીની એપ્લીકેશનમાં એન્ટ્રી કરેલ હશે તેઓની યાદી પછીના માસની ૧૫ તારીખ બાદ ડેશબોર્ડ પર રિપોર્ટ જનરેટ થશે તેઓને જ ઈન્સેન્ટીવ ચુકવવાનું રહેશે.
- આંગણવાડી કાર્યકરે તેમના વિસ્તારના બધાજ લાભાર્થીઓની માહિતી ICDS-CAS એપ્લીકેશન માં નોંધેલ હોવી જોઇએ.

**(૨) આંગણવાડી તેડાગર માટે**

- દરેક માસે આંગણવાડી તેડાગર દ્વારા ઓછામાં ઓછા ૨૧ દિવસ આંગણવાડી સમયસર ખોલવામાં આવેલ હોવી જોઇએ.

જે તે આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર દ્વારા ઉપર મુજબના ધોરણો પરિપૂર્ણ થયેથી બીજા માસની ૧૫ તારીખ સુધીમાં DBT મારફતે આંગણવાડી કાર્યકરને માસિક રૂ.૫૦૦ અને તેડાગરને રૂ.૨૫૦ ઇન્સેન્ટીવ આંગણવાડી કાર્યકર અને તેડાગરના સેલરી એકાઉન્ટમાં જમા કરાવવાનું રહેશે.

પ્રોત્સાહનની રકમ માહે ડિસેમ્બર.૨૦૧૯ ની કામગીરી ધ્યાને લઇ માહે જાન્યુઆરી, ૨૦૨૦ થી ચુકવવાની રહેશે.

A Renustian

પ્રોત્સાહનની રકમોની સમયસર ચુકવણીની સુવિધા માટે, આંગણવાડી કાર્યકરો અને આંગણવાડી તેડાગરો નો કામગીરી પ્રોત્સાહનોની ચુકવણી માટેની લાયકી અંગેનો રિપોર્ટ પછીના મહિનાની ૧૫ મી તારીખે ડાઉનલોડ કરવા માટે ડેશબોર્ડમાં ઉપલબ્ધ થશે.

આંગણવાડી કાર્યકરને ચુકવવા પાત્ર ઈન્સેન્ટીવનો ખર્ચ પોષણ અભિયાનના ફંડમાંથી અને આંગણવાડી તેડાગરને ચુકવવા પાત્ર ઈન્સેન્ટીવનો ખર્ચ આંગણવાડી સર્વિસીસ ના જનરલ ફંડમાંથી (૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૦૧ NTR-18 ) કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૦/૪/૨૦૨૦ તથા સરકારશ્રીની તા.૨૨/૪/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARChristian

(અંકિતા ક્રિશ્ચિયન)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકરીશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(3) માન. મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) માન. રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૫) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૯) સચિવશ્રી(આયોજન)ના નાયબ સચિવ,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી(આઇસીડીએસ) , કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. ....................

(૧૩) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. .......................

(૧૪)વિભાગીય નાયબ નિયામકશ્રી(આઇસીડીએસ) અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

(૧૫) સર્વે પ્રોગ્રામ અધિકારી(આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ...................

(૧૬) સર્વે પ્રોગ્રામ અધિકારી (આઇસીડીએસ),મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ. ...................

(૧૭) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૨૦) નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૧) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત, તમામ

(૨૨) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ

(૨૩) સિસ્ટમ મેનેજર - વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨૪) સિલેક્ટ ફાઇલ